અપીલ અરજી નં. ૬૯૨ તા.૧૪–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનય ડી.પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનય ડી.પટેલ હળફઈ કવલીબેન ભુલાભાઈ પટેલની તા.૯–૧–૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) અમો અરજદારની તા. ૨૫–૧૧–૦૮ની વાંધા અરજી તથા તા.૨૭–૬–૧૧ની બીજી બાંધકામ અટકાવવાની અરજી કમિશ્નરશ્રી તથા ટાઉન પ્લાનરશ્રીને સંબોધીને કરેલ અરજીના અનુસંધાનમાં આજદિન સુધી તેઓ દ્રારા શું કાર્યવાહી કરી તે તમામની વિજીલન્સ તપાસ કરી અમોને માહિતી પુરી પાડવા વિનંતી. હજુ સુધી બાંધકામ તોડયું કેમ નથી ? મુદ્દા નં. (૨) આ અરજીઓના અનુસંધાનમાં થયેલ કાર્યવાહી તથા પત્ર વ્યવહાર ની નકલ આપવા મહેરબાની. જો કાર્યવાહી ન થયેલ હોય, કયા કારણસર થયેલ નથી તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૩–૧૨ ની **કોહળાબ.ળ** નં.૬૯૨ /૨૦૧૧–૧૨

શ્રી વિનય ડી.પટેલ હળફઈ કવલીબેન ભુલાભાઈ પટેલની તા. ૯–૧–૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) અમો અરજદારની તા. ૨૫–૧૧–૦૮ની વાંધા અરજી તથા તા. ૨૭–૬–૧૧ની બીજી બાંધકામ અટકાવવાની અરજી કમિશ્નરશ્રી તથા ટાઉન પ્લાનરશ્રીને સંબોધીને કરેલ અરજીના અનુસંધાનમાં આજદિન સુધી તેઓ દ્રારા શું કાર્યવાહી કરી તે તમામની વિજીલન્સ તપાસ કરી અમોને માહિતી પુરી પાડવા વિનંતી. હજુ સુધી બાંધકામ તોડયું કેમ નથી ? મુદ્દા નં. (૨) આ અરજીઓના અનુસંધાનમાં થયેલ કાર્યવાહી તથા પત્ર વ્યવહાર ની નકલ આપવા મહેરબાની. જો કાર્યવાહી ન થયેલ હોય, કયા કારણસર થયેલ નથીતેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા અરજદારની બન્ને અરજીઓ અંગે થયેલ નહીં થયેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ કરવા પત્ર નંઆરટીઆઈ સેલ/૨૦૭૧ તા.૨૩–૩–૧૨ થી** કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નંર તા.૨–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૬ તા. ૧૮–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૯૭૧ તા. ૧૦–૧–૧૨ ના રોજ ટાઉનપ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ, ડે.કલેકટરશ્રી કલેકટર કચેરી, નાનુરા, ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ, મુખ્ય કારોબારી અધિકારીશ્રી સુડા, નાનપુરાને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, કવલીબેને તા.૨૫–૧૧–૦૮ તથા તા.૨૭–૬–૧૧ના રોજ કલેકટરશ્રી, સુરત અને મામલતદારશ્રી એન.એ.શાખા કલેકટર કચેરી, સુડા, નાનપુરા , ટાઉન પ્લાનર સુમપા, નાયબ મામલતદાર ,તા.સીટી તલાટી, આભવા, સુરત અને શહેર વિકાસ અધિકારી સુમપાને કરેલ અરજીની નકલ, અઠવાઝોન તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/૧૨૪૯ તા. ૭–૨–૧૨ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૫૮૩ તા.૧૮–૨–૧૨ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૬૩૨ તા.૩–૩–૧૨ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અરજદારે તા.૨૯–૨–૧૨ અને તા.૧૪–૨–૧૨ ના રોજ અઠવાઝોન ખાતે કરેલ અરજીની નકલ, અઠવાઝોને અમિત નાયક અને નગીનભાઈ પટેલને પાઠવેલ પત્રની નકલ, અરજદારની તા.૧૩–૨–૧૨ ની આરટીઆઈ હેઠળની અરજીના કલેકટરશ્રી સુરત ધ્વારા પ્રત્યુત્તર તથા અરજદારની અપીલ તા.૨૭–૨–૧૨ ની કલેકટરશ્રી સુરત ધ્વારા અત્રે તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૫૮૩ તા.૧૮–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૯–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વીજીલસ વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૭૧ તા.૧૦–૧–૧૨ થી નિયત સમય અવધિમાં ટાઉનપ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ,

ડે.કલેકટરશ્રી કલેકટર કચેરી, નાનુરા, ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ, મુખ્ય કારોબારી અધિકારીશ્રી સુડા, નાનપુરાને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ ટાઉન પ્લાનર શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૬ તા.૧૮–૧–૧૨ થી સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૪૯ તા.૭–૨–૧૨ થી તેમની તા. ૨૫–૧૧–૦૮ તથા તા.૨૭–૬–૧૧ ના રોજની વાંધા અરજીની માહિતી અન્વયે જણાવવાનું કે અરજીમાં જણાવ્યા મુજબ સ્થળ પર કરવામાં આવેલ બાંધકામ સંદર્ભે જમીન માલિકો/કબ્જેદારોને પત્ર લખી જમીનની /માલિકી બાંધકામની પરવાનગી તેમજ બીન ખેતીના હુકમની નકલ મંગાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૮૩ તા.૧૮–૨–૧૨ થી મુદ્દા નં.૧ શું જમીન માલિકી/કબ્જેદારો તરફથી આપની કચેરીમાં બાંધકામની પરવાનગીની નકલ જમા કરાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી જમીનમાં માલિકો/કબ્જેદારો તરફથી અઠવાઝોન કચેરીમાં વિકાસ પરવાનગીની પ્લાન સહિતની અરજી રજૂ કરેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) શું જમીન માલિકી/કબ્જેદારો તરફથી આપની કચેરીમાં બીન ખેતીના હુકમની નકલ જમા કરાવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી જમીનમાં માલિકો/કબ્જેદારો તરફથી અઠવાઝોન કચેરીમાં બીન ખેતીનાં હુકમની નકલ જમા કરાવેલ નથી. પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૩૨ તા.૩–૩–૧૨ થી તા. ૨૫–૧૧–૦૮ તથા તા.૨૭–૬–૧૧ ના રોજની વાંધા અરજીની માહિતી અન્વયે જણાવવાનું કે અરજીમાં જણાવ્યા મુજબ સ્થળ પર કરવામાં આવેલ બાંધકામ સંદર્ભે થયેલ કાર્યવાહીના પત્રની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૦૨/– અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ થયેલ કાર્યવાહીની નકલ રૂા.૨/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે આથી અરજદારને શું કાર્યવાહી થઈ તથા તેના પત્ર વ્યવહારની નકલ મળી જતાં અરજદારને માહિતી પૂરી પડાયેલ ગણાય. જાહેર માહિતી અધિકારીએ અરજદારને સમય અવધિ બાદ માહિતી અંગે નાણા ભરવા પત્ર પાઠવેલ હોય જે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) અને ૭(૩) સાથે સુસંગત ન હોય અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૪–૩–૧૨ ધ્યાને લેતાં ૧૨–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૭–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને સમય અવધિ બાદ માહિતી અંગે નાણા ભરવા પત્ર પાઠવેલ હોય જે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) અને ૭(૩) સાથે સુસંગત ન હોય અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનય ડી.પટેલ,